P G V C L

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કંપાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન: ૦૨૮૩૨–૨૫૩૫૫૦ ફેકસ: ૦૨૮૩૨–૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં.: કેસી/સીજીઆરએફ/૨૦૧૮ 97 તારીખ: 07 JUN 2018

રજી.એ.ડી દ્વારા

પ્રતિ,

હરિરામ પરસોત્તમ સોની ,

૫૦૩,નરનારાયણ કોમ્પલેક્ષ,

ન્યુ સ્ટેશન રોડ,

ભુજ -કચ્છ.

વિષય :– કેસ નંબર પીજી/૦૧ /૦૦૩/ ૨૦૧૮-૧૯

સંદર્ભ:– આપની અરજી નોંધણી નં. પીજી/૦૧ /૦૦૩/ ૨૦૧૮-૧૯

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

(જે વિ ચૌહાણ)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભૂજ.
O/C

બિડાણ-ઉપર મુજબ

(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ,વર્તુળ કચેરી, ભુજ

(૨) કાર્યપાલક ઈજનેર,પીજીવીસીએલ,વિભાગીય કચેરી, ભુજ

(૩)નાયબ ઈજનેર,પીજીવીસીએલ,પેટાવિભાગીય કચેરી,ભુજ શહેર-૨ પેટા વિભાગ

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

Scanned by CamScanner

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભુજ

## પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં કેસી/સીજીઆરએફ/૨૦૧૮/ ૧૭ તારીખ:

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-001-003-2018-19.

અરજદાર: શ્રી હરિરામ પુરુષોત્તમ સોની .
ગામ : ભુજ જી. કચ્છ

રજૂઆત કરનાર: શ્રી દીપક નરોત્તમ સોની અરજદારના પ્રતિનિધિ

::વિરુધ્ધ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી,પીજીવીસીએલ, વિભાગીય કચેરી,ભુજ
રજૂઆત કરનાર: કે આર વરસાણી, કા.ઇ. પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ
વી.કે.સુવેરા,ના.ઈ.,પીજીવીસીએલ,ભુજ શહેર-૨ પેટા વિભાગ

::ફોરમ::

૧) શ્રી જે.બી. પારેખ, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર




Scanned by CamScanner

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ. હૉલ, પીજીવીસીએલ.,વર્તુળ કચેરી, ભુજ.

તારીખ: ૧૮.૫.૨૦૧૮

::અરજદારની રજૂઆત::

૧.૦ અરજદાર શ્રી હરિરામ પરશોતમ સોની ગામ:- ભુજ તા.ભુજ દ્વારા ભુજ શહેર-૨ પેટા વિભાગીય કચેરીએ નામ બદલી માટે અરજી કરેલ પરંતુ નામ બદલી ન થતા ગ્રાહક તકરાર સમક્ષ અરજી કરેલ છે.

૧.૧ સદર કેસની વિગત નીચે મુજબ છે.

૧.૨ અરજદાર શ્રી હરિરામ પરશોતમ સોની દ્વારા ગામ ભુજ મધ્યે ન્યુ સ્ટેશન રોડ પર આવેલ શ્રી નરનારાયણ કોમ્પલેક્ષમાં સાત ફ્લેટ ખરીદવામાં આવેલ છે.

૧.3 સદર સાત ફ્લેટના વીજ કનેક્શન ના ગ્રાહકનં (૧) ૩૧૦૦૨/૦૩૯૩૧/૨ (૨) ૩૧૦૦૨/૦૩૯૨૫/૮ (3)૩૧૦૦૨/૦૩૯૨૭/૪(૪)૩૧૦૦૨/૦૩૯૩૩/૯ (૫) ૩૧૦૦૨/૦૩૯૩૫/૫ (૬) ૩૧૦૦૨/૦૩૯૪૬/૪ (૭) ૩૧૦૦૨/૦૩૯૫૬/૮ કે જે શ્રી કે કે જાનીના નામે છે.

૧.૪ સદર બાબતે અરજદાર શ્રી હરિરામ પરશોતમ સોની દ્વારા નામ બદલી માટે ગ્રાહક તકરાર સમક્ષ રજૂઆત કરેલ છે.

:: પીજીવીસીએલની રજુઆત::

૨.૦ સુનાવણી સમયે સામાવાળા શ્રી કે આર વરસાણી,કા.ઇ. પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ તેમજ શ્રી વી.કે.સુવેરા,ના.ઈ.,પીજીવીસીએલ,ભુજ શહેર-૨ પેટા વિભાગ, રૂબરૂમાં હાજર રહેલ અને જણાવેલ કે

૨.૧ શ્રી હરિરામ પુરુષોત્તમ સોની દ્વારા ભુજ શહેર-૨ પેટા વીભાગમાં ભુજ મધ્યે આવેલ નરનારાયણ કોમ્પલેક્ષમાં કુલ ૩ ફ્લેટમાં નામ બદલી ની અરજી વર્ષ ઓક્ટોબર ૨૦૧૬ માં કરવામાં આવેલ.

૨.૨ સદરહુ એપાર્ટમેન્ટ અગાઉના બિલ્ડર શ્રી કે કે જાની ના નામે તે સમયે ભુજ શહેરપેટાવિભાગ-૧ માં ૨૦૦૧ પહેલા રીલીઝ કરવામાં આવેલ હતા.



Scanned by CamScanner

૨.3 સપ્લાય કોડ ૪/૧૫ ની કલમ ૪.૬ મુજબ જ્યારે અરજદાર એવી હયાત મિલ્કતની ખરીદી કરે કે ખરીદવાનો ઈરાદો રાખે કે જેનું વીજ જોડાણ કપાઈ ગયું હોય તો તેની આગલા માલિકે પરવાનેદારની તમામ બાકી રકમ ચૂકવી છે તેની ખરાઈ કરવાની અને તેની પાસેથી કોઈ રકમ બાકી નથી એવું પ્રમાણપત્ર મેળવવું એ અરજદારની ફરજ છે.મિલ્કતની માલિકીની ફેરબદલી પહેલા આગલા માલિકે કોઈ રકમ બાકી ન હોવાનું પ્રમાણપત્ર મેળવ્યું ન હોય તો નવા માલિકે આવું પ્રમાણપત્ર મેળવવા આગલા જોડાણની વિગતો સાથે પરવાનેદારનો સંપર્ક કરવો.આ મુજબનું પ્રમાણપત્ર ફરિયાદી એ મેળવ્યું ન હોઈ ઉપરોક્ત નિયમ મુજબ સદરહુ નામ બદલી ની અરજી તે સમયે સ્વીકારવામાં આવેલ નથી.

::હુકમ::

3.0. સુનાવણી સમયે રજૂઆત કરનારની તેમજ સામાવાળા ની રજૂઆત તેમજ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ના આધારે નીચે મુજબ નાં તારણ પર આવી શકાય

3.૧ જીઈઆરસી સપ્લાય કોડ ૨૦૧૫ કલમ ૪.30 મુજબ " નવા જોડાણ, પુઃજોડાણ વીજ ભારમાં વધારો કે ઘટાડો નામ માં ફેરફાર અથવા કોઈ જગ્યા માટે સર્વિસ લાઈન ખસેડવા માટેની અરજી,તે જગ્યાના સંબંધિત કોઈ લેણા અથવા અરજદાર દ્વારા વિતરણ પરવાનેદારને વિતરણ પરવાનેદાર ના અધિકાર ક્ષેત્રમાં કોઈ પણ જગ્યાએ તેના નામે રાખેલ બીજા કોઈ સર્વિસ જોડાણો ના સંબધમાં કોઈ બાકી રકમ ,ચુકવવામાં આવશે નહિ,ત્યાં સુધી પરવાનેદાર દ્વારા ધ્યાનમાં લેવામાં આવશે નહી." સદર કિસ્સામાં જે જગ્યા એ નામ બદલીની કાર્યવાહી કરવાની છે એ જગ્યા એ પીજીવીસીએલ ના એરીયર્સ પેટે ની રકમ લેવાની નીકળે છે. અરજદાર દ્વારા એટલે કે નવા ગ્રાહકના નામે અન્ય કોઈ જગ્યાએ કે પરવાનેદાર ના અધિકાર ક્ષેત્રમાં એરીયર્સ પેટેની બાકી રકમ રહેતી નથી તેની ચકાસણી કર્યા બાદ નામ બદલી ની કાર્યવાહી કરવી.પીજીવીસીએલ દ્વારા રજુ કરેલ રેકોર્ડ મુજબ નરનારાયણ કોમ્પલેક્ષમાં અગાઉશ્રી કે કે જાની નામના નીચે દર્શાવેલ વીજ જોડાણ ની એરીયર્સ પેટેની રકમ બાકી રહે છે.



Scanned by CamScanner

| અનુ નંબર | ગ્રાહક નંબર | બાકી લેણા | સ્ટેટસ | કનેકશન પીડીસી તારીખ લેજર મુજબ | લેજર પર કનેકશનનું સરનામું |
|---|---|---|---|---|---|
| ૧ | ૩૮૯૦૧/૦૧૨૮૮/૦ | ૭૦૦.૦૦ | y | ૨૬/૦૧/૨૦૦૧ | વોકળા ફળિયા |
| ૨ | ૩૮૯૦૨/૦૨૩૦૫/૨ | ૪૬૪૧૬.૦૦ | x | ૦૪/૦૬/૨૦૦૩ | મિસ્ત્રી બોર્ડીંગ પાછળ પંચમુખા હનુમાન શેરી ભુજ |
| ૩ | ૩૮૯૦૨/૦૨૩૧૨/૫ | ૮૯૯૨.૦૦ | y | ૧૪/૦૭/૨૦૦૩ | નરનારાયણ કોમ્પલેક્ષ પંચમુખા હનુમાન શેરી |
| ૪ | ૩૮૯૦૨/૦૨૩૧૫/૦ | ૬૭૦૬.૩૨ | x | ૨૫/૦૧/૨૦૦૩ | મિસ્ત્રી બોર્ડીંગ પાછળ પંચમુખા હનુમાન શેરી ભુજ |
| ૫ | ૩૮૯૦૬/૦૦૦૫૭/૦ | ૬૯૩૮.૦૦ | y | ૨૬/૦૧/૨૦૦૩ | C/O સાયકલની દુકાન |

૩.૨ હાલમાં સપ્લાય કોડ મુજબ જે જગ્યા વીજ જોડાણ ની નામ બદલી માંગેલ છે એ પ્રીમાઈસીસમાં આ એરીયર્સની રકમ બાકી છે આ જ જગ્યા પર સપ્લાય કોડ ની કલમ ૪.૩૦ મુજબ એરીયર્સની રકમ ક્લીયર કરવી પડે આ સંજોગોમાં ગ્રાહક દ્વારા એરીયર્સની રકમ ભરપાઈ ન થાય ત્યાં સુધી નામ બદલી થઇ શકે નહિ.પ્રવર્તમાન સમસ્યા ના ઉકેલ માટે ગુજરાત સરકાર તેમજ જીયુવીએનએલ દ્વારા હાલમાં માફી યોજના (એમનેસ્ટી સ્કીમ ) જેની સમયમર્યાદા જુલાઈ ૨૦૧૮ ની છે,જેનો લાભ લઇ એરીયર્સ ભરભાઈ કરવા ગ્રાહકને સમજ આપવામાં આવેલ છે. વિશેષમાં અરજદાર દ્વારા અગાઉ કોમ્પલેક્ષમાં એરીયર્સ બાકી હોવા છતાં અન્ય જોડાણ ની નામ બદલી કરવામાં આવેલ છે જેની રજૂઆત કરવામાં આવેલ છે આ રજૂઆતના આધારે પીજીવીસીએલ ના સક્ષમ અધિકારી દ્વારા આ ફરિયાદની તપાસ કરી જે તે અધિકારી/કર્મચારી વિરુધ શિસ્તભંગની કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છે.

3.3 ગ્રાહકને માફી યોજના (એમનેસ્ટી સ્કીમ)નો સમયમર્યાદામાં લાભ લેવા પીજીવીસીએલ દ્વારા જણાવવામાં આવે છે.એરીયર્સ પેટેની રકમ ભરપાઈ થયા બાદ તથા નામ બદલી અંગેના જરૂરી



Scanned by CamScanner

સંલગ્ન દસ્તાવેજ રજુ કર્યા બાદ નામ બદલીની કાર્યવાહી કરવા આથી સુચના આપવામાં આવે છે. આ ફરિયાદ નિકાલ કરવામાં આવે છે.

૩.૪ આથી આ મુજબ હુકમ કરવામાં આવે છે.

એન એચ જોષી
સ્વતંત્ર મેમ્બર

જે.બી. પારેખ
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Certified Copy
Deputy Engineer
CGRF, PGVCL, BHUJ

PG-001-003-2018-19



Scanned by CamScanner